જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૮/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૪૪ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૭૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૨૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૩૦/૨૦૨૬**

સેટેલાઈટઃ સેટેલાઈટ વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૧૪/૦૮/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મહીલા પોતાના ઘરેથી બેડશીટ તથા કુર્તીના માલનો વેપાર ધંધો કરતા હોય એપ્રીલ/૨૦૨૪ થી ઓકટોમ્બર/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન જસ્ટ ડાયલ દ્વારા સંપર્ક કરી આરોપી (૧) અંબર અગ્રવાલ (૨) મુકેશ અગ્રવાલ (બંને રહે.૨બીંદ્રા સારણી બીજો માળ મહાલક્ષ્મી મંદીર પાસે ગણેશ ટાલ્કીસ બુરા બજાર કોલકત્તા પશ્ચિમ બંગાળ) (૩) શંકર જૈન "અગ્રેશ ફેસીલીટી મેનેજમેંટ સર્વિસ પ્રા.લી.ના ડાયરેક્ટર) (૪) દિલીપ અગ્રવાલ ઉર્ફે દિલીપ શો (બંને રહે. પુરનચંદ નાહર એબન્યુ કોલકતા પશ્રીમ બંગાળ) (૫) પ્રેમ પ્રકાશ શો "પી.પી.એંટર પ્રાઈજ" ના ડાયરેક્ટર (રહે.કાલીક્રિષ્ના ટાગોર સ્ટ્રીટ કોલકત્તા પશ્ચિમ બંગાળ) (૬)ભાનુકુમાર "માઁ વૈષ્ણવી ટેક્ષટાઈલ્સ" ના ડાયરેક્ટર (રહે.કુમુદીની ઘોષ રોડ મૈત્રા સ્કુલ દેવઘર ઝારખંડ) અને (૭) મૌલી બજાજ "એન.એસ.એન્ટર પ્રાઈજ" ના ડાયરેક્ટર (રહે.હનુમાન મંદિર રામાનંદ પાર્વતી એંડ કંપની બેંક રોડ સાલાસર હનુમાન મંદિર સુતા પટ્ટી મુજાફીપુર બિહાર) નાઓએ ભેગામળી મહીલા પાસેથી બેડશીટ તથા કુર્તીનો માલ કુલ કિંમત રૂપિયા ૪૬,૧૫,૭૦૭/– મેળવી લઈ આજદીન સુધી કાપડના માલના રૂપિયા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જે.દેસાઈ ચલાવે છે.

નરોડાઃ બળદેવભાઇ હીરાભાઈ પટેલ (ઉ.વ.૭૦)(રહે. કૃષ્ણધામ સોસાયટી, કઠવાડા રોડ, નવા નરોડા) એ તા.૧૪/૦૮/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા, જી.ઈ.બી.સામે શ્યામશિખર–૨ ખાતે આરોપી (૧) નિતીશભાઇ વાસુદેવ રાવલ અને (૨) દેવભાઇ નીતીશભાઇ રાવલ (બંને રહે, સિધ્ધેશ્વરી રેસીડેંસી, પેથાપુર ચોકડી આગળ, ગાંધીનગર. મુળ વતન. ગામ-રણાસણ તા-વિજાપુર, જી-મહેસાણા) એ ભેગામળી બળદેવભાઇના પુત્રના કેનેડાના વિઝીટર તથા વર્ક પરમીટ વિઝાનુ કામ કરી આપવાના બહાને તેમની પાસેથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– મેળવી લઇ કેનેડાના વિઝાનું કામકાજ નહી કરી આપી, ખોટી ટીકીટ તથા દસ્તાવેજ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.કુંપાવત ચલાવે છે.

ખાડીયાઃ પરેશકુમાર કનૈયાલાલ સોની (ઉ.વ.૪૮)(રહે, ફેવરેટ સોસાયટી, સ્વસ્તિક સોસાયટીની બાજુમાં, નવા વાડજ) એ તા.૧૪/૦૮/૨૦૨૬ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે માણેકચોક નાનશા જીવણની પોળમાં આવેલ "રૂચીત જવેલર્સ" ખાતેથી આરોપી (૧) હરી જવેલર્સના માલીક ઘનશ્યામભાઇ સોની અને (૨) યશ ઘનશ્યામભાઇ સોની (બંને રહે.રૂક્ષમણી પાર્ક સોસાયટી સરસ્વતી સ્કુલ પાસે, કલિકુંડ ધોળકા) એ ભેગામળી કુલ ૦૭ જોડ અલગ-અલગ વજનની ૨૨ કેરેટની સોનાની બંગડીઓ કિંમત રૂપિયા ૧૩,૨૯,૯૪૭/- મેળવી લઇ, તેનુ પેમેન્ટ દિન-૩૦ માં આપવાનુ જણાવી વિશ્વાસમાં લઈ, આજદિન સુધી પરેશકુમારના દાગીના કે રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ પાલડી ખાતે આવેલ લેબ ટેક ડીસ્પોજેબલ કંપનીમાં સીનીયર એકા. મેનેજર તરીકે કામ કરતા નિંકુજભાઇ વિજયકુમાર ગાંધી (ઉ.વ.૩૪)(રહે. રત્નદીપ ફ્લેટ, વખારીયા ક્રોસ રોડ, કલોલ તા.કલોલ, જી.ગાંધીનગર) એ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૮/૨૦૨૬ સવારના ૧૦/૧૦ થી બપોરના ૧૨/૫૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિંકુજભાઇના મોબાઇલ વોટસએપ ઉપર અજાણ્યા વોટસઅપ નંબર ૯૦૩૬૩૬૯૯૫૧ ના ધારકે ડિસ્પ્લે પીકચરમાં નિકુંજભાઇના બોસનો ફોટો મુકી મેસેજ કરી જણાવેલ કે "હું મીટીંગમાં રોકાયેલ હોઇ કોલ ઉપર વાત કરી શકીશ નહી મને ફક્ત મેસેજ કરવો" ત્યારબાદ બીજા મેસેજમાં જણાવેલ છે "એક જગ્યાએ પેમેન્ટ આપવાની જરૂર પડશે. હુ તમને કલાઇન્ટના બેંક એકાઉન્ટની વિગત મોકલુ છુ. જે ખોટુ નામ ધારણ કરી મેસેજ કરનાર અજાણી વ્યક્તિએ નિકુંજભાઇને વિશ્વાસમાં લઇ મેસેજમાં મોકલેલ બેંક ખાતામાં કુલ રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- ભરાવડાવી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ઝેડ.આઇ.શેખ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૧૧૩૧/૨૦૨૬**

નિકોલઃ નિકોલ ઉત્તમનગર આરતી સોસાયટી ખાતે રહેતા કલ્પેશભાઈ પટણીનાઓની ૧૭ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૮/૨૦૨૬ સવારના ૯/૧૫ વાગે તેનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

રામોલઃ સ્વીટી ડો/ઓ કાનજીભાઈ ચાવડા (ઉ.વ.૨૧)(રહે. રાધે ક્રીષ્ના, હેરીટેઝ-૦૧, મારૂતી શો-રૂમ પાછળ ખાંચામાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી